આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **01-08-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## કેન્દ્રીય નાણામંત્રી-કેન્દ્રીય બજેટ અંગે ચર્ચા

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે કેન્દ્રીય બજેટ - વિકાસ, રોજગાર, કલ્યાણ, મૂડી રોકાણ અને નાણાકીય એકત્રીકરણ જેવી પ્રાથમિકતાઓ વચ્ચે યોગ્ય સંતુલન જાળવે છે. કેન્દ્રીય બજેટ અંગે રાજ્યસભામાં ચર્ચા દરમિયાન શ્રી સીતારમણે જણાવ્યું કે, સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ હેતુ સાથે કામ કરી રહી છે. નાણામંત્રીએ કૃષિ ક્ષેત્રમાં ફાળવણીમાં ઘટાડો કરવાના વિપક્ષના આરોપોને ફગાવી દીધા હતા. વધુમાં તેમણે જણાવ્યું કે, શિક્ષણ, રોજગાર અને કૌશલ્ય માટે 1 લાખ 48 હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

**RNU** અમદાવાદ

---

## રાજ્યમાં વ્હાલી દીકરી યોજના હેઠળ નોંધણી

વ્હાલી દીકરી યોજના હેઠળ છેલ્લા 5 વર્ષોમાં 2 લાખ 37 હજારથી વધુ દીકરીઓની નોંધણી કરવામાં આવી છે.  આ યોજના અંતર્ગત  દીકરીના જન્મ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે 'વહાલી દીકરી યોજના' લાગુ કરવામાં આવી હતી..  ઓગસ્ટ-2019 પછી જન્મેલી દીકરીઓને શિક્ષણથી લઈને લગ્ન સુધીની સહાય આ યોજના થકી આપવામાં આવે છે.. સરકારે આ યોજના માટે માર્ચ મહિનાના અંત સુધીમાં 494 કરોડ 14 લાખ રૂપિયાની ફાળવણી કરી છે.  ધોરણ-1, ધોરણ-9 અને 18 વર્ષની ઉંમરે 4 હજારથી 1 લાખ રૂપિયા આપવાની આ યોજનામાં જોગવાઇ કરવામાં આવી છે.. રાજ્ય સરકાર ગરીબ દિકરીઓ માટે આ યોજના દ્વારા વાલીની ભૂમિકા અદા કરી રહી છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી : સખી સંવાદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ વિસ્તારોના સ્વ-સહાય જૂથ સખીમંડળની નારીશક્તિને તેમના મંડળોના ઉત્પાદનો, ચીજ વસ્તુઓની ઉચ્ચ ગુણવત્તા જાળવી રાખી વધુને વધુ લોકોનો વિશ્વાસ સંપાદિત કરવા મહિલાઓને આહવાન કર્યું હતું.

લોકોને સારી ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ મળે તો સખીમંડળની શાખ, પ્રતિષ્ઠા વધશે અને તેમના ઉત્પાદનોનું વેચાણ આપોઆપ ઊંચું જશે તેવો તેમણે મહિલાઓને વિશ્વાસ અપાવ્યો હતો..

મુખ્યમંત્રીએ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં 'સખી સંવાદ' કાર્યક્રમ અંતર્ગત રાજ્યભરની સ્વ-સહાય જૂથની બહેનો સાથે વાર્તાલાપ કર્યો હતો. આ સખી સંવાદમાં ૨૮ હજાર સ્વ-સહાય જૂથોની પોણા ત્રણ લાખથી વધુ ગ્રામીણ બહેનોને કુલ મળીને રૂ. ૩૫૦ કરોડના સહાય લાભનું મુખ્યમંત્રીએ વિતરણ કર્યું હતું.

**RNU અમદાવાદ**

---

## આગામી સ્વતંત્રતા દિવસની થનાર ઉજવણી

આગામી સ્વતંત્રતા દિનની પંદરમી ઓગષ્ટના રોજ યોજાનારી રાજ્યક્ષાની ઉજવણી ખેડા જીલ્લાના મુખ્યમથક નડિયાદ ખાતે કરાશે.. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નડિયાદમાં ધ્વજવંદન કરશે.. આ ઉપરાંત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી બનાસકાંઠામાં તિરંગાને સલામી અર્પશે. નાણામંત્રી કનુ દેસાઇ સુરતમાં, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ મહેસાણા અને કૃષિમંત્રી રાઘવજી પટેલ જૂનાગઢમાં ધ્વજવંદન કરશે.. આ ઉપરાંત અન્ય પ્રભારી મંત્રીઓ અને પ્રભારી સચિવો પણ પોતાના પ્રભારી તરીકે ફાળવાયેલા જીલ્લાઓમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરશે.

**RNU અમદાવાદ**

---

## ગત નાણાંકીય વર્ષમાં સુક્ષ્મ, લઘુ, મધ્યમ ઉદ્યોગ એકમો

રાજ્યમાં નાણાંકીય વર્ષ 2023-24માં 6 લાખ 29 હજાર 103 જેટલા નવા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ એકમો નોંધાયા છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠક સદંર્ભે વિગતો આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યું. વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું કે, રાજ્યમાં અત્યારસુધીમાં 19 લાખ 63 હજાર 50 સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ એકમોની નોંધણી થઇ છે. જેમાં 18 લાખ 73 હજારથી વધુ સૂક્ષ્મ, 81 હજાર 500થી વધુ લઘુ તથા 8 હજાર 400 થી વધુ મધ્યમ ઉદ્યોગો નોંધાયા છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, છેલ્લા ચાર વર્ષમાં નોંધાયેલા એકમોની સામે 4 હજાર 861 એકમો જ રદ થયા છે.

ઉલ્લેખનીય છે કે, દેશભરમાં સૌથી વધુ ઉદ્યમ નોંધણી ધરાવતા પ્રમુખ 10 જિલ્લાઓમાં અમદાવાદ અને સુરત જિલ્લાનો સમાવેશ થાય છે.

**RNU અમદાવાદ**

---

## નારાયણ સરોવર વિસ્તારમાં સફારી પાર્ક સ્થાપવા મંજૂરી

કેન્દ્રીય પ્રાણી સંગ્રહાલય સત્તા મંડળ (સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી) તરફથી કચ્છના નારાયણ સરોવર વિસ્તારમાં 250 હેક્ટરમાં સફારી પાર્ક સ્થાપવા મંજૂરી મળતાં આગામી સમયમાં સમુદ્રી સીમાદર્શનની સાથે સફારી પાર્કનો પણ પર્યટકોને લાભ મળે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. લખપત તાલુકાના નારાયણ સરોવર વિસ્તારમાં અત્યાર સુધી 44 હજાર હેક્ટરમાં ચિંકારા અભયારણ્ય જાહેર થયેલું છે અને વન વિભાગ તરફથી મળેલી વિગતો પ્રમાણે આ અભયારણ્યમાં 500 જેટલા ચિંકારા જંગલમાં વસવાટ કરી રહ્યા છે. ચિંકારા અભયારણ્યની સાથે હવે માંસાહારી પ્રાણીઓ માટે સફારી પાર્કનો મહત્ત્વાકાંક્ષી નિર્ણય લેવામાં આવ્યો હોવાનંર જાણવા મળ્યું છે.

**N.P.** કલ્પના શાહ

---

## જિલ્લામાં વરસાદ

**જિલ્લામાં વરસાદની આગહી વચ્ચે ગઇકાલે દિવસના ભાગે જિલ્લામાં ધૂંપછાંવનો માહોલ જોવા મળ્યો હતો.** જિલ્લા કંટ્રોલરૂમ પરથી મળેલ આંકડા મુજબ ગઇકાલે ગાંધીધામ **16** મીમી**,** અંજાર **2** મીમી તેમજ ભચાઉ અને મુન્દ્રામાં **1-1** મીમી વરસાદ નોંધાયો હતો. રાપર તેમજ ભુજ ખાતે ઝરમર વરસાદ નોંધાયો હતો. **જ્યારે હવામાન વિભાગે આગામી બે દિવસમાં રાજ્યમાં હળવા વરસાદની આગાહી કરી છે.**

**N.P.** કંટ્રોલ રૂમ

---